જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત
બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
:- suratdeo@gmail.com
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨
web :-www.suratdeo.or

જા.નં./મા-૨/૨૦૨૫/ 13046

તા.૧૩/૧૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

**વિષય**:- જનજાતિય ગૌરવ પખવાડા-૨૦૨૫ની ઉજવણી બાબત.
**સંદર્ભ**:- (૧) કમિશનરશ્રી શાળાઓની કચેરી,ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંક:પરચ/માધ્યમિક/૨૦૨૫/૧૧૩૦૦-૩૩૪ તા.૦૪/૧૧/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રો અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે જનજાતીય ગૌરવ વર્ષ તથા ભારત પર્વની ઉજવણીના ભાગરૂપે તા.૦૧ નવેમ્બર ૨૦૨૫ થી ૧૫ નવેમ્બર-૨૦૨૫ દરમિયાન એકતા નગર ખાતે રાજય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.આ કાર્યક્રમ અનુસંધાને નીચે જણાવ્યા મુજબના તાલુકાઓની તમામ શાળાઓએ નીચે જણાવ્યા મુજબની તારીખ અને સમયે પ્રભાત ફેરીનું આયોજન કરવાનું રહેશે. શાળાએ થયેલ કાર્યક્રમની વિગત, ફોટોગ્રાફ અને વિડિયો જણાવ્યા મુજબની લીકમાં રોજે રોજ સીધી શાળાએ જ ભરવાની રહેશે.

**લીક - http://adiprasaran.tribal.gov.in//jjgd/home.aapx**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

ક્રમાંક: પરચ/માધ્યમિક/૨૦૨૫/11300-334

કમિશનરશ્રી શાળાઓની કચેરી,

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,

સેક્ટર-૧૯, પુનીત વનની સામે,

ગુ. રા. ગાંધીનગર,

તા. ૦૪-૧૧-૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષયઃ- જનજાતિય ગૌરવ પખવાડા – ૨૦૨૫ની ઉજવણી બાબત

સંદર્ભ: ૧. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગરના પત્ર ક્રમાંક: એસએસએ/ગ.એ./ટ્રાયબલ વિભાગ/૨૦૨૫-૨૬/૬૪/૬૩૯૫૪-૯૫૫, તા. 03/૧૧/૨૦૨૫

૨. ભારત સરકારશ્રી, નવી દિલ્હીના શિક્ષા મંત્રાલયના પત્ર ક્રમાંક: D.O. No.15-7/2025-IS.7, તા. ૨૮/૧૦/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારત સરકારશ્રી દ્વારા તા. ૧ થી ૧૫, નવેમ્બર-૨૦૨૫ દરમિયાન ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિ ઉજવવા જણાવેલ છે. જેને જનજાતિય ગૌરવ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ જન્મ જયંતિ નિમિત્તે તા. ૦૧/૧૧/૨૦૨૫ થી તા. ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જનજાતિય ગૌરવ પખવાડા- ૨૦૨૫ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. જે કાર્યક્રમ અંગેની તારીખવારની સૂચિ સંદર્ભદર્શિત -૦૨ના પત્રમાં આપવામાં આવેલ છે. તથા આ બાબતે આપને કચેરીના વર્ગ-૦૨ ની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવાની રહેશે. તથા શાળા કક્ષાએ કોઈ એક શિક્ષકને નોડલ નિમવા અંગેની સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ શાળાઓ જોડાય તેમજ વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. શાળાએ કક્ષાએ થયેલ કાર્યક્રમની વિગત, ફોટોગ્રાફ્સ વગેરે નીચે જણાવ્યા મુજબની લીંકમાં રોજે રોજ સીધી શાળાએ જ ભરવાની રહેશે.

http://adiprasaran.tribal.gov.in//jjgd/home.aapx

વધુમાં, આપના જિલ્લાની શાળાઓની તથા ભાગ લીધેલ વિદ્યાર્થીઓની તમામ માહિતી સંકલન કરી દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કક્ષાએથી નીચે જણાવ્યા મુજબની ગુગલશીટ લીંકમાં ભરવાની રહેશે. આ લીંકમાં રોજે રોજની માહિતી ભરી મોકલી આપવાની રહેશે. ગુગલ શીટ આપને ઈ-મેઈલથી મોકલી આપવામાં આવશે. તથા અત્રેની કચેરીની તા. 03/૧૧/૨૦૨૫ થી સદર બાબતે કરવામાં આવેલ પત્રની સૂચનાઓ પણ યથાવત છે. જે ધ્યાને લેશો.

આપના જિલ્લાના વર્ગ-૦૨ના નોડલ અધિકારી નું નામ, હોદ્દો અને મોબાઈલ નંબર તા. ૦૬/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૧૧.૩૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને ssmaadhyamik3@gmail.com બિનચૂક મોકલી આપવાના રહેશે.

https://docs.google.com/spreadsheets/d/1bfCg7XjW5pIkz3RqgKuh6XtKZAeIm5MYuUyDZTeDIwU/edit?usp=sharing

નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:-

- એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,
  સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર